| | |
|---|---|
| GUJARAT POLICE | પોલીસ કમિશ્નરની કચેરી, અમદાવાદ શહેર.<br>શાહીબાગ, અમદાવાદ<br>વિશેષશાખા, કચેરી ટેલીફોન નં-૦૭૯૨૫૬૩૩૪૦૦<br>**Email:Spl1-ahd@gujarat.gov.in** |

## :- જાહેરનામું -:

## ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ હુકમ નંબર/વિ.શા/ એ-સેક્શન/પરમીટ/પરીક્ષા/ ૫૫./૨૦૨૦.

સવિનય, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અમદાવાદ શહેર નાઓની કચેરીના (૧) પત્ર ક્રમાંક: જિશિઅ/ પરીક્ષા/૨૦૨૦/૧૭૨૭, તા.૧૭/૦૯/૨૦૨૦ અન્વયે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા તા.૨૮/૦૯/૨૦૨૦ થી તા.૦૬/૧૦/૨૦૨૦ સુધી એચ.એસ.સી.( સામાન્ય પ્રવાહ ) પુરક પરીક્ષા સવારના કલાક ૧૦/૦૦ થી કલાક ૧૮/૩૦ દરમ્યાન અમદાવાદ શહેરના જુદા-જુદા પરીક્ષા કેન્દ્રો પર યોજાનાર છે તથા,

(૨) હોમ ડીપાર્ટમેન્ટ સચિવાલય, ગાંધીનગરના પત્ર ક્રમાંક: No.SB.I/KAV/102020/05 તા.૦૫/૦૯/૨૦૨૦, અન્વયે યુનિયન પબ્લિક સર્વિસ કમિશન, નવી દિલ્હી દ્વારા Civil Services (Preliminary ) Examination-2020 આગામી તા.૦૪/૧૦/૨૦૨૦ ના રોજ અમદાવાદ શહેરના જુદા-જુદા કુલ-૮૧ પરીક્ષા કેન્દ્રો પર યોજાનાર છે,

આ પરીક્ષાઓ દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે અને પરીક્ષાર્થીઓ શાંતિચિત્તે શુધ્ધ વાતાવરણમાં પરીક્ષા આપે અને પરીક્ષાનું સુચારૂ સંચાલન થઇ શકે તેમજ પરીક્ષા કેન્દ્રોની આસપાસના વિસ્તારમાં સુલેહ શાંતિ જળવાઇ રહે તે માટે અમદાવાદ શહેરના પોલીસ કમિશ્નર હકુમત હેઠળમાં નીચે મુજબના કૃત્યો કરવાનો પ્રતિબંધ ફરમાવવાનું પ્રવર્તમાન સંજોગોમાં આવશ્યક જણાય છે.

જેથી હું સંજય શ્રીવાસ્તવ, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તાર પ્રતિબંધિત વિસ્તાર ફરમાવી તેમાં જણાવેલ કૃત્યો કરવાની મનાઇ ફરમાવું છું :

### -:પ્રતિબંધિત વિસ્તાર:-

(૧) પરીક્ષા કેન્દ્રો તથા તેની ચોતરફ ૧૦૦ મીટરની ત્રિજયામાં આવેલ તમામ મકાનો, જગ્યા, સ્થળ, વિસ્તાર.
(૨) ઝેરોક્ષ સેન્ટર/દુકાનો માટે પરીક્ષા કેન્દ્રો તથા તેની ચોતરફ એક કિલોમીટરની ત્રિજ્યાનો વિસ્તાર.

### -:પ્રતિબંધિત કૃત્યો:-

(૧) પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં ચાર કે તેથી વધારે વ્યક્તિઓએ ભેગા થવા પર.
(૨) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ઝેરોક્ષ સેન્ટરો ચાલુ રાખવા પર.
(૩) પરીક્ષા સ્થળની આજુબાજુ મોટા અવાજે લાઉડ સ્પીકર વગાડવા પર.

(૪) પરીક્ષા સ્થળ પર સક્ષમ અધિકારી સિવાયના તમામ વિદ્યાર્થીઓ, શિક્ષકોએ મોબાઇલ અને અન્ય ઇલેક્ટ્રોનીક /વિજાણુ ઉપકરણ લઇ જવા પર.

(૫) પરીક્ષા સ્થળો પર પરીક્ષા સમય દરમ્યાન બિનઅધિકૃત વ્યક્તિઓના પ્રવેશ પર.

(૬) પરીક્ષા સ્થળો પર ગેરરીતી થાય તેવુ કોઇપણ સાધન કે અનઅધિકૃત લેખન સામગ્રી લઇ જવા પર.

(૭) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ના વિસ્તારમાં જાહેર વાહન વ્યવહાર અવરોધાય તે રીતે વાહનો ઉભા રાખવા કે પાર્ક કરવા/કરાવવા ઉપર.

(૮) પરીક્ષા સ્થળે કોઇપણ પ્રકારનું હથિયાર લઈ દાખલ થવા ઉપર.

-:અપવાદ:-

આ હુકમ ફરજ પરના પોલીસદળ તથા હોમગાર્ડના માણસો તથા પરીક્ષા અનુસંધાને ફરજ પરના અધિકારીઓ/કર્મચારીઓને લાગુ પડશે નહી.

-:નોંધ:-

(૧) COVID-19 ની મહામારી ચાલતી હોય તમામ પરીક્ષાર્થીઓએ તેમજ પરીક્ષાની કામગીરીમાં રોકાયેલ તમામ અધિકારી/કર્મચારીઓએ ફરજિયાત માસ્ક પહેરવાનું રહેશે તથા સોશિયલ ડીસ્ટન્સ જાળવવાનું રહેશે.

(૨) જાહેર જગ્યામાં કોઇપણ વ્યક્તિએ થુંકવુ નહિ.

(૩) ભારત સરકાર તથા ગુજરાત સરકારના COVID-19 ને અટકાવવા માટેના વખતો-વખતના હુકમોથી આપવામાં આવેલ આદેશો તથા માર્ગદર્શક સુચનાઓનો તમામે ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

**આ હુકમ તા.૨૮/૯/૨૦૨૦ થી તા.૬/૧૦/૨૦૨૦ સુધી સવાર ક.૦૮/૦૦ થી કલાક ૧૯/૩૦ સુધી અમલમાં રહેશે.**

આ હુકમનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ ના અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રીઓ/અધિક પોલીસ કમિશ્નરશ્રીના દરજ્જાથી પો.સ.ઇ. સુધીના હોદ્દા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇપીકો કલમ ૧૮૮ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમની જાહેરાત અમદાવાદ શહેરમાં લાઉડસ્પીકર વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાન પત્રો દ્વારા તથા જાહેર જગાઓએ નકલો ચોટાડી પ્રસિધ્ધ કરવી અને આકાશવાણી તેમજ દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરાવવી.

આજ તારીખ-૨૪ /૦૯/૨૦૨૦ના રોજ મારી સહી અને સિક્કા કરી આપ્યા.

પોલીસ કમિશ્નર અમદાવાદ શહેર

(સંજય શ્રીવાસ્તવ)
પોલીસ કમિશ્નર,
અમદાવાદ શહેર.

સવિનય નકલ રવાના:

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય ગૃહ વિભાગ, ગાંધીનગર.

(૨) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

(૩) અધિક પોલીસ મહાનિદેશકશ્રી, (ઇન્ટે), ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

(૪) મ્યુનિસીપલ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.

(૫) કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અમદાવાદ.

(૬) નિયામકશ્રી, માહિતી વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

(૭) રજીસ્ટ્રારશ્રી, હાઇકોર્ટ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

(૮) રજીસ્ટ્રારશ્રી, સિવીલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ.

(૯) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ટ, મીરઝાપુર, અમદાવાદ.

(૧૦) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર.

(૧૧) સંયુકત પોલીસ કમિશ્નરશ્રી, ક્રાઇમ બ્રાંચ, ટ્રાફિક, વહીવટ, મુખ્ય મથક, અમદાવાદ શહેર.

(૧૨) અધિક પોલીસ કમિશ્નરશ્રી, સેક્ટર-૧ તથા સેકટર-૨, અમદાવાદ શહેર.

(૧૩) નાયબ પોલીસ કમિશ્નરશ્રી, તમામ ઝોન, કંટ્રોલ રૂમ સહિત, અમદાવાદ શહેર.

(૧૪) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ, વડોદરા તરફ ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા તેમજ  પાંચ નકલો અત્રે વિશેષ શાખાને મોકલી આપવી.

(૧૫) સીનીયર સરકારી વકીલશ્રી, અમદાવાદ શહેર.

(૧૬) જનસંપર્ક અધિકારીશ્રી, (સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરાવવા સારૂ.)

(૧૭) પોલીસ ઇન્સપેકટરશ્રી, તમામ પોલીસ સ્ટેશન, અમદાવાદ શહેર, (જાહેર જગ્યાઓએ નકલો ચોટાડી લાઉડસ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ.)

(૧૮) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (શહેર), જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, બ્લોક-એ, પ્રથમ માળ, બહુમાળી ભવન, વસ્ત્રાપુર, અમદાવાદ.

(૧૯) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (ગ્રામ્ય) જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, ભોયતળીયે બહુમાળી ભવન, વસ્ત્રાપુર, અમદાવાદ.